જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૫/૧૧/૨૦૨૩ રવિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૧૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૧૨૦ લીટર દેશી દારૂ, ૩૩૮ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૮૯૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૨૦ બિયર ટીન, ૧ કાર અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી, ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૮,૪૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૧૫/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

### છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૮૧૬/૨૦૨૩

**નવરંગપુરાઃ** રાજેશભાઇ પ્રતાપકુમાર જૈન (ઉ.વ.૫૨) (રહે. સુવર્ણ એપાર્ટમેન્ટ નિર્ણયનગર રાણીપ) એ તા.૦૪/૧૧/૨૦૨૩ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે રાજેશભાઇ જૈન નવરંગપુરા આશ્રમ રોડ સાકાર-૯ ખાતે શ્યામ પોલીટેક્ષ પ્રા.લી કંપની ધરાવી કોટનના માલનો વેપાર કરતા હોઈ તા.૨૩/૦૨/૨૦૨૩ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) રાજેશકુમાર પન્નાલાલ ગુપ્તા (રહે. “સી” બ્લોક ઇશ્વરનગર બાલાજી કરીયાણા સ્ટોર નજીક કેનાલ રોડ ગલી રોડ લુધીયાણા પંજાબ અને (૨) રામસીંગ રામબીલાસ (રહે. શેરી નંબર-૪ ન્યુ આંબેડકરનગર લોહોરા લુધીયાણા પંજાબ) એ ભેગા મળી કંપનીમાંથી કોટનનો માલ ખરીદ કરી રૂપિયા ૭૨,૭૦,૫૫૪/- નહી ચુકવી કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.આર.પટેલ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૮૧૭/૨૦૨૩**

**ગોમતીપુરઃ** હર્ષદભાઇ ડાહ્યાભાઇ શાહ (રહે. શ્રુષ્ટી-૨ એપાર્ટમેન્ટ રામજીમંદીર પાસે મણીનગર) એ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૧૧/૨૦૨૩ રાતના ૨/૦૦ થી બપોરના ૧૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ગોમતીપુર રખિયાલ ચાર રસ્તા પાસે ફોનવાલે મોબાઇલની દુકાનની બાજુમાં કર્ણાવતી દાબેલી નામની દુકાનના પહેલા માળે આવેલ શ્રધ્ધા સિલેકશન જોબ વર્ક નામના કારખાનામાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી પેન્ટ નંગ-૩૯૩ કિમત રૂપિયા ૧,૩૭,૫૫૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એચ.ડોડિયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૮૧૮/૨૦૨૩**

**નારોલઃ** ભરતભાઇ જેઠાભાઇ રાઠોડ (ઉ.વ.૪૬) (રહે. શ્રી હરીનગર સોસાયટી મોતીપુરા ચાર રસ્તા પાસે શાહવાડી નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૪/૧૧/૨૦૨૩ બપોરના ૪/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના ભાગે લગાડેલ લોખંડના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ ભગવતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી